# ફાયર સેફટી નહીં હોય તો બુલડોઝર ફેરવાની પણ તૈયારી

### હાઈકોર્ટમાં એડવોકેટ જનરલનું મોટું નિવેદન : ફાયર સેફટી પર કડક કાર્યવાહી થાય તેવા એંધાણ

અમદાવાદ, તા.૪

જો તમારા કોમર્શિયલ કે રેસિડેન્ટ બિલ્ડીંગમાં ફાયર NOC ન હોય તો ચેતી જજો નહીં તો હવે તાળા પણ લાગશે અને જરૂર લાગે તોડી પણ પડાશેરાજ્યમાં ઘણા સમયથી ફાયર સેફટીને લઈ ગુજરાત હાઈકોર્ટ સતત સરકાર અને તંત્રને કડક કાર્યવાહીના આદેશ આપી રહી છે. HCના આ વલણને જોઈ તંત્ર પર ફાયર સેફટીને લઈ ગંભીર હોવાનું જણાઈ આવ્યું છે. ત્યારે રાજ્યમાં ફાયર સેફટી એકટની અમલવારીનો વિવાદ મામલે ગુજરાત હાઈકોર્ટમાં રાજ્યના એડવોકેટ જનરલે ફાયર NoC, BU વિનાની ઈમારતો સામે કાર્યવાહી ચાલુ હોવાની વાત કહી છે. આ ઉપરાંત કોર્ટને બાંહેધરી રૂપે નિવેદન આપતા કહ્યું છે કે બી.યુ.પરમિશન વગરની ઈમારતો સીલ કરાશે અથવા તોડી પડાશે. જેથી આવનાર સમયમાં ફાયર સેફટી વગર ધમધમતી ઈમારતો પર તંત્રનું બુલડૉઝર કે ખંભાતી તાળાં મારી દેવાશે તે વાત નક્કી છે.

સુપ્રીમ કોર્ટની વાલીઓને સલાહઃ ખૂબ જ નાની ઉંમરે બાળકોને શાળાએ ન મોકલો, સ્વાસ્થ્ય પર પડે છે ગંભીર અસર

બીજી તરફ એડવોકેટ જનરલે એ પણ ટાંક્યું હતું કે જે ઈમારતોને ધારાધોરણો મુજબ હશે તને પરમિશન આપી શકાશે. આજની સુનાવણી દરમિયાન હાલમાં SVP હોસ્પિટલમાં લાગેલી આગની ઘટનાની નોંધ પણ લેવાઈ હતી. SVPમાં લાગેલી આગ પર ૧૦ મિનિટમાં કાબૂ મેળવાયો હતો કારણ કે હોસ્પિટલ સંપૂર્ણ રીતે ફાયર સાધનોની હતી તેમજ SVPમાં ફાયર સેફટી ઈકવિપમેન્ટ કાર્યરત હતા.

તંત્રની ફાયર સેફટી મુદ્દેની કાર્યવાહી પર અરજદારે સ્વીકાર કરતાં જણાવ્યું છે કે પ્રશાસન લોકોના હિત માટે પગલાં લઈ રહ્યું છે તે સારી વાત છે હજુ પણ કડક કાર્યવાહી જરૂર છે જેથી જીફઁ હોસ્પિટલમાં લાગેલી આગ જેમની તાત્કાલિક આગ પર કાબૂ મેળવી શકાય.ફાયર સેફટી મામલે વધુ સુનાવણી જૂન માસમાં હાથ ધરાશે.

૪ એપ્રિલના રોજ અમદાવાદમા ફાયર સેફટી મામલે ગુજરાત હાઈકોર્ટએ મહત્વનો હુકમ આપતા કહ્યું હતું કે ફાયર સેફટી વિનાની ઈમારતો સામે કડક કાર્યવાહી કરવામાં આવે, સ્કૂલોમાં ફાયર સેફટીનો અભાવ પણ નીતિવિષયક પગલાં લેવાતા નથી. સરકાર ફાયર સેફટી પર ગંભીર ન હોવાનું કોર્ટે નોંધ્યું હતું. ત્યારે BU, ફાયર સેફટી મામલે ક્રિમિનલ પ્રોસિક્યુશન દાખલ કરવા માટે કોર્ટે અમદવાદ મનપાને આદેશ કર્યો છે.ફાયર સેફટી અંગે વડોદરા, ભાવનગર, રાજકોટ, સુરતને પણ કોર્ટે ટકોર કરી છે. હોસ્પિટલ, સ્કૂલો, ઈમારતોનો ફાયર સેફટી અંગેનો રિપોર્ટ HCએ માગ્યો હતો.

## નરેશ પટેલ કયા પક્ષમાં જોડાશે તે મુદ્દે ભાગવત કથામાં રામાયણ

### પાટીલ-પટેલ એક મંચ પર : પાટીલ-પટેલ બંન્ને સાથે ચાલતા સીનિયર નેતાઓ પાછળ



જામનગર, તા.૪

ગુજરાતના રાજકારણમાં છેલ્લા થોડા સમયથી નરેશ પટેલ મુદ્દે રસાકસી ચાલી રહી છે. તો બીજી તરફ ગુજરાત વિધાનસભા ચૂંટણી વહેલી આયોજીત થશે તેવી પણ અટકળો સેવાઈ રહી છે. જો કે નરેશ પટેલ ભાજપ તરફ વધારે સોફ્ટ કોર્નર હોય તેવું લાગી રહ્યું છે. જામનગરમાં ભાજપના એક ધારાસભ્ય દ્વારા આયોજીત ભાગવત્ કથામાં હાજરી આપ્યા બાદ આજે તેઓ ભાજપના પ્રદેશ પ્રમુખ સાથે એક કાર્યક્રમમાં ન માત્ર હાજર રહ્યા હતા પરંતુ તેમની સાથે સ્ટેજ પણ શેર કર્યો હતો.

જામનગરના ધારાસભ્ય હકુભા જાડેજાના યજમાન પદે આયોજીત રમેશભાઈ ઓઝાની ભાગવત સપ્તાહમાં ચાર દિવસમાં બીજી વાર નરેશ પટેલે દેખા દીધા છે. આજે નરેશ પટેલ સપ્તાહમાં હાજર રહ્યા ત્યારે સી.આ પાટીલ આવતા તેમનું સ્વાગત નરેશ પટેલે કર્યું હતું. આ ઉપરાંત જામનગરના સાંસદ પુનમ મામડ, જામનગર દક્ષિણના સ્ન્છ આર.સી ફળદુ સહિત અનેક ભાજપના પદાધિકારીઓ હાજર રહ્યા હતા. જેમાં નરેશ પટેલ અને સી.આર પાટીલનું સંયુક્ત સ્વાગત અને સન્માન કરાયું હતું. નરેશ પટેલ સતત સી.આર પાટીલની સાથે જ રહ્યા હતા. અન્ય સીનિયર નેતાઓ પણ પાટીલ અને પટેલની પાછળ ચાલી રહ્યા હતા તે ખુબ જ સુચક હતું. જો કે નરેશ પટેલ છેલ્લા ૨ મહિના કરતા પણ વધારે સમયથી કયા પક્ષ સાથે જોડાશે તે મુદ્દે ચલક ચલાણુ રમી રહ્યા છે. ભાજપમાં જોડાશે કે કોંગ્રેસમાં જોડાશે તેવું જ્યારે પણ પત્રકારો દ્વારા પુછવામાં આવે ત્યારે તેઓ સમાજ અથવા તો સર્વેનું કારણ ધરીને સમય આવ્યે જાહેરાત કરશે તેવો ઉત્તર આપે છે. જો કે આજે તેમણે જણાવ્યું કે, ભાજપ અને કોંગ્રેસ બંન્નેના દરવાજા ખુલ્લા જ છે. તેવામાં તે કયા પક્ષ સાથે જોડાય તે મુદ્દે ભારે સસ્પેન્સ છે. જો કે તેઓ ભાજપમાં જોડાય તેવી શક્યતાઓ પ્રબળ જોવા મળીરહી છે. નરેશ પટેલના પુત્ર શિવરાજ પણ આ ભાગવત કથામાં હાજર રહે છે. અત્રે નોંધનીય છે કે, નરેશ પટેલ ભાજપના ધારાસભ્યો પૈકી વલ્લભભાઈ કાકડિયા, શશિકાંત પંડ્યા, અરવિંદ પટેલ અને જગદીશ પટેલ સાથે પણ મુલાકાત કરી ચુક્યાં છે. આ ઉપરાંત તેઓ પોથી યાત્રા દરમિયાન ભાજપના નેતાઓ સાથે રથમાં પણ જોવા મળ્યા હતા.

## મહારાષ્ટ્રમાં સ્વામી સલામત હોવાનો પોલીસનો દાવો

### ગુમ મહામંડલેશ્વર હરિહરાનંદ ભારતી મહારાજની મળી ભાળ : હરિહરાનંદ ભારતી તારીખ ૩૦મી એપ્રિલે વડોદરા આવ્યા પછી રહસ્યમય સંજોગોમાં ગૂમ થઇ ગયા હતા

વડોદરા,તા.૪

ભારતી આશ્રમના ગાદીપતિ મહામંડલેશ્વર સ્વામી હરિહરાનંદ ભારતી મહારાજ ૩૦મી તારીખથી રહસ્યમ્ય સંજોગોમાં ગૂમ થયા છે. જે બાદથી આખા રાજ્યામા ચકચાર મચી જવા પામ્યો છે. સ્વામીને શોધવા માટે પોલીસની વિવિધ ટીમો દોડતી થઇ ગઇ છે. ત્યારે વડોદરા



પોલીસના જણાવ્યા પ્રમાણે, હરિહરાનંદ ભારતી મહારાજ મહારાષ્ટ્રના નાસિકમાં સલામત છે. તેઓને હાલ મહારાષ્ટ્રથી એક ટેક્સીમાં વડોદરા લાવવામાં આવી રહ્યા છે. આ માહિતી ભારતી આશ્રમ સાથે સંકળાયેલા વ્યક્તિએ આ માહિતી આપી હતી. ગરુડેશ્વરના ગોરા ગામ ખાતે આવેલા શ્રી ભારતી આશ્રમના ગાદીપતિ મહામંડલેશ્વર સ્વામી હરિહરાનંદ ભારતીજી મહારાજ હાઇવે પર કપુરાઇ ચોકડીથી રહસ્યમય સંજોગોમાં ગૂમ થયા હતા. પોલીસે ચેક કરેલા સીસીટીવી ફૂટેજમાં સાધુ કપુરાઇ બ્રિજથી તરસાલી તરફ ચાલતા જતા દેખાઇ રહ્યા હતા. ત્યારબાદ આગળના કોઇ સીસીટીવી ફૂટેજમાં તેઓ દેખાતા નથી. તેઓ કોઇ વાહનમાં બેસી ગયા હોય કે પછી કપુરાઇ બ્રિજથી તરસાલી બ્રિજની વચ્ચે કોઇ રોડ પર થઇને અન્ય કોઈ સ્થળે જતા રહ્યા હોવાની શક્યતા દર્શાવવામાં આવી હતી. પરંતુ હવે તેમની ભાળ મળી ગઇ છે.

## સીબીસીએની આજે ઔપચારિક ચૂંટણી, ઘરડાંને વિદાયની શક્યતા

### દાયકાથી વધુના સમય બાદ સીબીસીએની ચૂંટણી યોજાશે : અમદાવાદ ક્રિકેટ બોર્ડમાં લોધા સમિતિની ભલામણો અને સુપ્રીમના નિર્દેશનું પાલન થાય છે કે કેમ એ સવાલ

અમદાવાદ, તા.૪

ગુજરાત ક્રિકેટ કંટ્રોલ બોર્ડના નેજા હેઠળના સેન્ટ્રલ બોર્ડ ઓફ ક્રિકેટ અમદાવાદની દાયકાથી વધુના લાંબા સમય બાદ હોદ્દેદારોની ચૂંટણી યોજાવાની છે. એમ તો લોધા સમિતિની ભલામણો અને સુપ્રીમ કોર્ટના નિર્દેશોને લઈને વાસ્તવિક ચૂંટણી યોજાય તો ખાસ્સા ફેરફાર કરવા પડે એમ છે પરંતુ આવું કઈજ થાય એવી કોઈ શક્યતા લાગતી નથી. આમેય ભારતીય ક્રિકેટ બોર્ડના સંચાલનમાં જ જયારે લોધા સમિતિની ભલામણોની ઉપેક્ષા થતી હોય તો અમદાવાદમાં તેનું સન્માન જળવાય એવા કોઈ સંકેત દેખાતા નથી. આ જોતા આ ચૂંટણી ઔપચારિક બની રહેશે એમાં કોઈ શંકાને સ્થાન નથી.

લોધા સમિતિની ભલામણો મુજબ જેતે બોર્ડની ચૂંટણી દર ત્રણ વર્ષ કરવી જરૂરી છે. કોઈપણ હોદ્દેદારો સતત નવ વર્ષથી વધારે કોઈ પણ હોદ્દા પર રહી શકે નહીં. એમાંય સતત છ વર્ષ માટે જ, એટલે કે બે ટર્મ સુધી તે સત્તા પર રહી શકે, જ્યારે વધારે ત્રણ વર્ષ તેને કુલિંગ પિરિયડ પર રહેવું પડે. સમગ્રતઃ તેઓ નવ વર્ષ સુધી કોઈ પણ હોદ્દો ભોગવી શકે.

જોકે, અમદવાદ બોર્ડના કિસ્સામાં સુપ્રીમના નિર્દેશોનું પોતાની રીતે અર્થઘટન કરીને લાંબા સમયથી પ્રભુત્વ ધરાવતા સ્થાપિત હિતોને હોદ્દા પર જાળવી રાખવામાં આવ્યા છે.

હાલમાં સીબીસીએના પ્રમુખ પદે રાજેશ પટેલ, ઉપ-પ્રમુખ પદે દેવેન્દ્ર સિંહ સોલંકી, ટ્રેઝર તરીકે સુરૂ શાહ, સેક્રેટરી તરીકે અનિલ પટેલ, જોઈન્ટ સેક્રેટરી રશીદ શેખ મુખ્ય છે. જ્યારે આમાં કેટલાક હોદ્દેદારો તો ૭૦ વર્ષની વય વટાવી ચૂક્યા છે.

લોધા સમિતિની ભલામણો મુજબ બીસીસીઆઈ હેઠળના કોઈ પણ એકમમાં ૭૦ વર્ષથી વધુના હોદ્દેદારોને સ્થાન ન આપવા કહેવાયું છે. જોવાનું એ રહે છે કે હજુ પણ આ વગ ધરાવનારાઓને હોદ્દો પાછો મળે છે કે પછી નવોદિતોને તક અપાય છે.

## રો-મટિરિયલ ઉંચા ભાવે ખરીદવાનાં બહાને ચાલતું સૌથી મોટુ કૌભાંડ

### નાઈઝીરિયન ગેંગનો પર્દાફાશ : સાયબર ક્રાઇમ બ્રાન્ચે આરોપીઓની ધરપકડ કરી

અમદાવાદ, તા.૪

સાયબર ક્રાઇમ બ્રાન્ચે વધુ એક વખત છેતરપિંડીના ગુનામાં સંડોવાયેલા નાઈઝીરિયન ગેંગનો પર્દાફાશ કરી નાંખ્યો છે. રૂપિયા સાડા ચાર કરોડની ઠગાઈ કેસનો ભેદ ઉકેલી નાખી સાયબર ક્રાઇમ બ્રાન્ચે ૦૨ આરોપીઓની ધરપકડ કરી લીધી છે. વધુમાં આ ગેંગ દેશના કેમિકલ વ્યવસાય સાથે સંકળાયેલા વેપારી ઓ સાથે લાખો અને કરોડો રૂપિયાની છેતરપિંડી કરી ચુક્યા હોવાની કબૂલાત પણ સાયબર ક્રાઇમ બ્રાંચ સમક્ષ કરી ચુક્યા છે.સોશિયલ મીડિયાના માધ્યમથી કેમિકલના વેપારીઓનો સંપર્ક કરીને રો-મટીરીયલ્સ મંગાવતા હતા. બાદમાં મોટા પ્રમાણમાં મટિરિયલ માંગવી વેપારી ઓ જોડે બેંક એકાઉન્ટમાં પૈસા ટ્રાન્સફર કરાવી લેતા હતા અને રો-મટીરીયલ્સ લઈને અમારી પોલેન્ડ ખાતેની કંપનીમાં વેચશો તો તેને ૨૦ ટકા કમિશન પણ આપવામાં આવશે તેવી લાલચ આપીને આ નાઈઝીરિયન ગેંગ છેતરપિંડી આચરતી હતી. આ ગેંગ ભારત ભરમાંથી કેમિકલના વેપાર અને ટ્રેડિંગ કરનારા વેપારીઓ પાસેથી અત્યારસુધીમાં એક બે નહીં પણ સાડા ચાર કરોડ રૂપિયાની છેતરપિંડી આચરી ચૂક્યા હોવાની કેફિયત પોલીસ સમક્ષ કબૂલી રહ્યા છે.સાયબર ક્રાઇમની કસ્ટડીમાં આવી ગયેલા નાઈઝીરિયન ગેંગના આ બંને આરોપીઓન નામ છે. ચીનેદુ અનુમોલે અને રાકેશ કશ્યપ આ બંને આરોપીઓ મૂળ મુંબઈના



રહેવાસી છે. છેલ્લા થોડા સમયથી આ પ્રકારે છેતરપિંડી આચરતા હોવાનું જણાવી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે આ ગેંગના સભ્યો પહેલા સોશિયલ મીડિયામાં કેમિકલનો વ્યવસાય અથવા તો ટ્રેડિંગ કરનાર વેપારી ઓનું લિસ્ટ બનાવી હતા. અને ત્યારબાદ ફેસબૂક અને અન્ય સોશિયલ મીડિયાના પ્લેટફોર્મ થકી આવા વેપારીઓ સાથે મિત્રતા કેળવતા હતા. બાદમાં વેપારીને કમિશનની લાલચ આપીને તેની પાસેથી રો-મટીરીયલ્સ મંગાવતા હતા. ઉપરાંત રો-મટીરીયલ્સ પણ ક્યાંથી લેવાનું છે તેનું સરનામું પણ આ નાઈઝીરિયન ગેંગના સભ્યો જ આપતા હતા. જેથી ગેંગના સભ્યો જોડેથી જ માલ ખરીદવાનો અને ગેંગના સભ્યોને જ તે માલ વેચવામાં આવતો, હોવાનો આયોજન બદ્ધ પ્લાન આ નાઈઝીરિયન ગેંગના લોકો એ ઘડેલો હતો. રૂપિયા સાડા ચાર કરોડની ઠગાઈ આચરનારી આ નાઈઝીરિયન ગેંગનો મુખ્ય સુત્રધાર મૂળ નાઈઝીરીયાનો રહેવાસી છે. જે હાલ મુંબઈના નાલા સોંપરા વિસ્તારમાં રહેતો હોવાનું સામે આવ્યું છે. અન્ય આરોપી રાકેશ જવાહરલાલ મહદેવ કશ્યપ કે જે મુંબઈનો જ રહેવાસી છે. આ બંને વ્યક્તિઓએ મળીને આયોજનબદ્ધ રીતે લોકો સાથે ઠગાઈ કરવાનું કાવતરું ઘડી નાખ્યું હતું.

## ચૌધરી આદિવાસી સમાજે જૂના રિવાજોને અંતે દૂર કર્યા

### લગ્નોમાં થતા ખોટા ખર્ચા હવે નહિ કરાય : દરેક સમાજ આ રીતે નિયમો બનાવે તો લગ્નમાં થતા ખોટા ધુમાડા ટાળી શકાય છે, લોકોની બચત પણ વધી શકે છે

સુરત,તા.૪

હિન્દુ સંસ્કૃતિ બચાવવા માટે દરેક સમાજ મેદાને આવ્યો છે. પહેલા પાટીદાર સમાજ અને હવે દક્ષિણ ગુજરાતના ચૌધરી આદિવાસી સમાજે પાશ્ચાત્ય રિવાજો સામે વિરોધ દર્શાવ્યો છે. દક્ષિણ ગુજરાતના મહુવાના કાછલ ગામના ચૌધરી આદિવાસી સમાજે જૂના કુરિવાજો નાબુદ કરવાની જાહેરાત કરી છે. સાથે જ નવા ૩૩ જેટલા સામાજિક સુધારાઓ સમાજમા લાગુ કર્યા છે. જોકે, સમાજમાં કેટલીક બાબતો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આમ, ચૌધરી આદિવાસી સમાજે કેટલાક એવા રિવાજો દૂર કર્યા છે જેમાં બિનજરૂરી ખર્ચા થતા હતા. સમાજના લોકો માટે આ ખર્ચા તોતિંગ હતા. તેથી જ આ ખર્ચાઓ પર કાપ મૂકાય તે માટે સમાજના આગેવાનો દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. કાછલ દૂધ મંડળીના પ્રમુખ રવીન્દ્રભાઈ ચૌધરી, નરેનભાઈ ચૌધરીની આગેવાની હેઠળ બેઠક યોજાઈ હતી, જેના બાદ આ જાહેરાત કરવામાં આવી છે. આ નિર્ણયો થકી સામાજિક ખર્ચ ઘટાડી શકાશે અને લોકોની જીવનશૈલી ઉંચી આવશે. આ વિશે મહુવા તાલુકા ચૌધરી સમાજના માજી સરપંચ નરેન ચૌધરીએ જણાવ્યુ કે, આ દૂષણો આવનારી પેઢીને ધ્યાનમાં રાખીને દૂર કરવામાં આવ્યા છે. ગામના દરેક ગામમાં નિયમોની પત્રિકા વહેંચવામાં આવશે.

## અમદાવાદ પૂર્વ રેન્જ આઈજી એકે જાડેજા જીવનનું યુદ્ધ હાર્યા

### લતિફ સામેના જંગમાં વિજય મેળવનારા અધિકારી : લાંબી બીમારી બાદ નિધન થયું, ઝાયડસ હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેઓએ અંતિમ શ્વાસ લીધા હતા

અમદાવાદ, તા.૪

શહેર પોલીસબેડામાંથી એક દુઃખદ સમાચાર સામે આવ્યા છે. અમદાવાદ પૂર્વ રેન્જ આઈજી એ.કે. જાડેજાનું લાંબી બીમારી બાદ નિધન થયું છે. તેઓ લાંબા સમયથી બીમારીથી પીડત હતા. જેના કારણે છેલ્લાં કેટલાય સમયથી તેઓ ઝાયડસ હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા. ઝાયડસ હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેઓએ અંતિમ શ્વાસ લીધા હતા. મહત્વનું છે કે, લતીફ ગેંગનો સફાયો કરવામાં અમદાવાદ પૂર્વ રેન્જ આઈજી એ.કે.જાડેજાએ મહત્વનો ભાગ ભજવ્યો હતો. જે બાદ રાજ્ય સકાર દ્વારા તેઓને ઈનામ પણ આપવામાં આવ્યું હતું. જો કે, અમદાવાદ પૂર્વ રેન્જ આઈજી એ.કે.જાડેજાનું નિધન થતાં પોલીસબેડામાં પણ શોકનો માહોલ છવાયો છે.

અમદાવાદ પૂર્વ રેન્જ આઈજી એ.કે.જાડેજા લાંબા સમયથી બીમારીથી પીડિત હતા. જેના કારણે તેઓ છેલ્લાં કેટલાંય સમયથી અમદાવાદની ઝાયડસ હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા. જ્યાં સારવાર દરમિયાન તેઓએ અંતિમ શ્વાસ લીધા હતા. અમદાવાદ પૂર્વ રેન્જ આઈજી એ.કે.જાડેજાના નિધન બાદ પોલીસબેડામાં પણ શોકનો માહોલ છવાયો છે. મહત્વનું છે કે, અમદાવાદમાં લતીફ ગેંગનો સફાયો કરવામાં અમદાવાદ પૂર્વ રેન્જ આઈજી એ.કે.જાડેજાએ ખૂબ જ મહત્વની ભૂમિકા ભજવી હતી. તેઓએ ઓપરેશન લતીફની શરુઆત કરી ગેંગના ૧૮ જેટલાં સાગરિતોને ઝડપી પાડ્યા હતા. અમદાવાદમાં લતીફ વહાબ ગેંગના સાગરિતોને ઝડપી પાડતા રાજ્ય સરકારે તેમની કામગીરીને બિરદાવી હતી. મળતી વિગતો મુજબ, એ સમયે ગીથા જોહરી ડીસીપી હતા. તેઓ પોતાના બે અધિકારીઓ સાથે પોપટીયાવાડમાં લતીફના ઘરે રિક્ષામાં બેસીને પહોંચ્યા હતા. આ અધિકારીઓમાં એ.કે.જાડેજા પણ હતા. એ સમયે એ.કે.જાડેજા ડેપ્યુટીએસપી હતા.

### જગ્યાઓ ખાલી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અધિકારીની જગ્યા પર હુકમ કરાયા પછી હજુ નિયુક્ત થયેલા અધિકારી હાજર થયા નથી બીજી તરફ ગુજરાતમાં જે રીતે વિદેશી મહેમાનો આવી રહ્યા છે ત્યારે પ્રોટોકોલની જગ્યા ખાલી છે એટલે તંત્ર પર વધારાનો કાર્ય બોજ વધી રહ્યો છે.

જિલ્લામાં ખાલી મહત્વની જગ્યાઓ ન ભરાતાં કેસોનો પણ ભરાવો પણ વધી જવા પામ્યો છે. જમીન સંપાદન અધિકારીની જગ્યા ખાલી હોવાથી ઘણા મહત્વના પ્રોજેક્ટોની કામગીરી અટકી પડી છે.

### ટ્રાયલ લેવાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જોઈન્ટની લાઈન પણ જુની હોવાના લીધે લીકેજીસની સમસ્યા પણ ઉભી થાય છે. જેને અનુલક્ષીને નવી મશીનરી નાંખવા માટે આયોજન કરી દેવાયુ છે. સુત્રોના જણાંવ્યા અનુસાર આગામી સપ્તાહમાં ચરેડી પમ્પીંગ સ્ટેશનના નવા પમ્પ આવી જશે ગાજીયાબાદથી ૧૦ નંગ જેટલા નવા પમ્પ આવશે જયારે આ ઉપરાંત પેનલો , સંપની કામગીરી સાથે લાઇનના જોડાણનુ પણ નવિનીકરણ હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત પાણી શુધ્ધિકરણ પ્લાન્ટ પણ નવો બનાવવા માટે કામગીરી હાથ ધરવામાં આવશે. જયારે આ મુજબ સરિતા પમ્પીંગ સ્ટેશન પર કામ હાથ ધરવામાં આવશે. શહેરમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે હાલ નવા સેકટરોમાં લાઈન નાંખવાનુ કામ ચાલી રહ્યુ છે. આગામી દિવસોમાં પ્રાયોગિક ધોરણે જુના બે સેકટરોની પસંદગી કરીને ૨૪ કલાક સપ્લાય આપવા માટે ટ્રાયલ લેવાશે જેમાં મોટાભાગે સે-૨૮ અને સે-૨૯ માં પ્રાયોગિક સપ્લાય આપવામાં આવશે. અલબત્ત આખરે પાંચ દાયકા બાદ ચરેડી પમ્પીંગ સ્ટેશનની મશીનરી બદલાશે તેમજ પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ થવાની સાથે સેકટરોમાં ફોર્સથી પાણી સપ્લાય થશે તેવી પણ આશા બંધાઈ છે. તંત્રને પણ વારંવાર સપ્લાયના મામલે ઉભી થતી ટેકનિકલ ખામી તેમજ લાઇન લીકેજીસ સહીતની અન્ય મુશ્કેલીઓમાં પણ રાહત મળશે તેમ મનાઈ રહ્યુ છે. જો કે હજુ શહેરમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટેની યોજનાનુ કામ પુર્ણ થતા સમય લાગશે.

### અભિયાન યોજાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગ્રીનસીટીનો ગાંધીનગરનો દરજ્જો છીનવાઈ ચુક્યો છે અને જિલ્લામાં પણ વૃક્ષોની સંખ્યા ઘટી રહી છે. ક્લાઈમેટ ચેન્જની અસરો જિલ્લામાં જોવા મળી રહી છે. ગાંધીનગરને ગ્રીનસીટીનું બિરૂદ પાછુ અપાવવા મિલીયન ટ્રી વવાશે તેવી જાહેરાત મનપાએ કરી છે. જો કે હજુ આ અંગેના આયોજનની કામગીરી આરંભાઈ નથી.

ઔડાએ વૃક્ષોરાપણ માટે ગામોની યાદી સાથે વૃક્ષારોપણની બતાવેલી તૈયારીને લઈ હવે સૌ મૌન ધારણ કરી લીધુ છે. ગાંધીનગર જિલ્લામાં મિયાવાડી જંગલોના નિર્માણની વાત પણ પાછી ફાઈલો પર અટકી પડી છે. કેટલાક ગામોમાં આ પ્રયોગ કરાયા પછી હાલ શું સ્થિતિ છે તે અંગે પણ કોઈ ચોક્કસ વિગતો ઉપલબ્ધ નહિ હોવાનું જાણવા મળેલ છે.

ગત વર્ષે ચોમાસામાં ૨૧ ટકા વરસાદની ઘટ અને આ વખતે માર્ચના આરંભથી જ જે રીતે હીટવેવ જોવા મળી રહ્યો છે તે સૌને માટે ચિંતાનો વિષય બની ઉભરી આવેલ છે.

### ૪૧ ડિગ્રી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે લઘુત્તમ તાપમાનમાં પણ ૨ થી ૩ ડીગ્રીનો તફાવત રહેતા ગરમીની મોસમમાં દિવસ રાતના તાપમાનમાં સતત ચઢ ઉતરના લીધે જન આરોગ્ય પણ પ્રભાવિત છે. આકરી ગરમીથી સૌ કોઇ તોબા પોકારી ગયા છે. નગરજનોમાં લું લાગવાના અલબત્ત સન સ્ટ્રોકના તકલીફ પણ વધી છે. ગરમીનુ જોર યથાવત છે. જયારે મેં મહીનાની શરૂઆતમાં પણ ગરમી આક્રમક મુડમાં જોવા મળે છે. જયારે આગામી દિવસામાં પણ હજુ આકરી ગરમી સહન કરવા માટે નગરજનોએ તૈયાર રહેવુ પડશે. ગાંધીનગરમાં આ વર્ષે ઉનાળાની મોસમ શરૂઆતથી જ ઉગ્ર છે. જયારે ગરમીનો મિજાજ પણ એકધારો જળવાયેલો રહેતા નગરજનો પણ આકરી ગરમીથી તોબા પોકારી ગયા છે. હાલ ગરમીની સિઝનમાં ઉનાળુ વેકેશન પણ શરૂ થઇ ગયુ હોવાથી નગરમાં ઉનાળુ રાત્રિની રોનક જામી છે. સેકટરોમાં સ્થિત ઉદ્યાનો અને આઈસ્ક્રીમ પાર્લરો તેમજ સ્વર્ણિમ પાર્કમાં રાત્રિનો નઝારો નિખરે છે.

### મોંઘી થશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

અન્ય ચીજવસ્તુઓના ભાવ વધતા પણ મોંઘવારી વધી હતી. જ્યારે મોંઘવારી વધે ત્યારે બજારમાં કેશ ફ્લો ઓછો કરવા માટે રિઝર્વ બેંક વ્યાજના દરમાં વધારો કરતી હોય છે. રિઝર્વ બેંકે વ્યાજદરમાં અણધાર્યો વધારો કરતા શેરબજારમાં પણ તેની અસર જોવા મળી છે. આજે ૫૭,૧૨૪ના સ્તરે ખૂલેલો સેન્સેક્સ આરબીઆઈની જાહેરાત બાદ બપોરે ૨.૩૬ કલાકે ૧૧૨૮ પોઈન્ટ્સના ઘટાડા સાથે ૫૫,૮૪૭ પર પહોંચી ગયો હતો. જેમાં બજાજ ફાઈનાન્સ અને બજાજ ફિનસર્વમાં એવરેજ ચારેક ટકા જેટલો ઘટાડો નોંધાયો હતો, જ્યારે એચડીએફસી, ઈન્ડસિન્ડ, એક્સિસ, એસબીઆઈ જેવી બેંકોના શેરના ભાવ પણ ઘટ્યા હતા.

### શક્યતા

● અનુસંધાન પહેલાનું ચાલુ

અલગ-અલગ સ્થળો પર ભારે વરસાદ અને ૬ અને ૭ મે ના રોજ અંડમાન દ્વિપ સમૂહમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે. તેને ધ્યાનમાં રાખી હવામાન વિભાગે દરિયાકાંઠાના વિસ્તારોના માછીમારોને ચેતવણી આપી છે.

ભારતીય હવામાન વિભાગે મંગળવારે જણાવ્યું હતું કે, દેશના બધા ભાગોમાં ગર્મીનો પ્રકોપ ઓછો થઈ રહ્યો છે. રાજસ્થાન, પંજાબ, દિલ્હી તથા હરિયાણામાં મહત્તમ તાપમાનમાં બે થી ચાર ડિગ્રી સેલ્સિયસ સુધી વધુ ઘટાડો નોંધાયો છે. હવામાન વિભાગે કહ્યું કે, ઉત્તર પશ્ચિમ, મધ્ય અને પૂર્વી ભારતના કોઈ પણ ભાગમાં આગામી ૫ દિવસ સુધી ભીષણ ગરમીની શક્યતા નથી. એપ્રિલમાં સમગ્ર દેશમાં અનેક સ્થળોએ તાપમાન સર્વકાલીન ઉચ્ચ સ્તરે હતું અને પારો ૪૬ થી ૪૭ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યો હતો. પૂર્વી ઉત્તર પ્રદેશના બાન્દ્રામાં શુક્રવારે ૪૭.૪ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયુ છે જે એપ્રિલમાં સૌથી વધારે તાપમાન છે. ઉત્તર પ્રદેશમાં ઈલાહાબાદ, ઝાંસી અને લખનૌ, હરિયાણામાં ગુરૂગ્રામ તથા મધ્ય પ્રદેશના સતનામાં એપ્રિલ માટે તાપમાન શુક્રવારે ક્રમશઃ ૪૬.૮ ડિગ્રી સેલ્સિયસ, ૪૬.૨ ડિગ્રી સેલ્સિયસ, ૪૫.૧ ડિગ્રી સેલ્સિયસ, ૪૫.૯ ડિગ્રી સેલ્સિયસ અને ૪૫.૩ ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યું હતું. દિલ્હીમાં ૧૨ વર્ષમાં એપ્રિલનું સર્વાધિક તાપમાન ગુરૂવારે અને શુક્રવારે ૪૩.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. શનિવારે દિલ્હીના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ વેધર સ્ટેશન પર મહત્તમ તાપમાન ૪૭.૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

### લાગણીનો મેળો

● અનુસંધાન ચોથાનું ચાલુ...

અમારા ગામમાં વિલાયતી નળિયામાંથી મારી ગામઠી નિશાળની પેલી પાટીયાવાળી રૂમમાં ખુરશી પર બિરાજેલા બગલાની પાંખ જેવા ધોતી-ઝભ્ભો ને ગાંધી ટોપીમાં સજ્જ નાનાલાલ સાહેબ ઘેઘૂર અવાજમાં કવિશ્વર દલપતરામની કવિતા સંભળાવતા...

ઉનાળે ઊંડા જળ જાય, નદી સરોવર જળ સુકાય;
પામે વનસ્પતિ સૌપાન, કેસૂડાં રૂડાં ગુણગાન.
સારા હોજ ફુવારા બાગ, પ્યારાં ચંદન પંખા બાગ;
બોલે કોયલ મીઠા બોલ, તાપ પડે તે તે વણતોલ.

**સ્પર્શમણિ :**

માણસના કાવતરાંઓની સામે કુદરતની કાતર હંમેશા મોટી હોય છે.

● ● ●

સૌભાગ્યથી મળેલું સાત પેઢી ભોગવે છે, છીનવેલું પણ સાત પેઢી ભોગવે છે.

સમજાય તેને વંદન !

- rasikvaland1965@gmail.com
Mo. 9913426949